# જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,પાટણ

અનાવાડા દરવાજા પાસે,પાટણ,ફોન નંબર (૦૨૭૬૬-૨૯૬૧૪૫)

ઈમેલ – Dso-sycd-ptn@gujarat.gov.in /dsopatan30@gmail.com


ક્રમાંક/જિ.ર.પ્ર.ક/kmk ૨૦૨૫/૧૬૩૬૫ થી ૧૬૪૫૦/૨૦૨૫-૨૬ તા.૨૬/૧૨/૨૦૨૫

**પ્રતિ,**

જિલ્લા રમત ગમત અધિકારીશ્રી,
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય તમામ

**વિષય:-** ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષા કુસ્તી અં.૧૪ (ભાઈઓ/બહેનો)ની સ્પર્ધામાં ભાગ લેવા બાબત.
**સંદર્ભ:-** ક્રમાંક:એસએજી/ખે.મ.કુ ૨૦૨૫ /૪૭૪૪૭ થી ૪૭૫૫૨/૨૦૨૫-૨૬ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર તા.૨૪-૧૨-૨૦૨૫

**શ્રીમાન,**

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રીના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ - ૨૦૨૫ રાજ્યકક્ષાની કુસ્તી અં.૧૪ (ભાઈઓ/બહેના) ની સ્પર્ધાનું આયોજન સરદાર પટેલ રમત સંકુલ,પાટણ ખાતે તા.૦૬/૦૧/૨૦૨૬ થી તા.૦૮/૦૧/૨૦૨૬ દરમ્યાન નીચે મુજબ તારીખે અને સ્થળે યોજનાર છે. જેથી આપના જિલ્લાની ભાગ લેનાર ખેલાડીઓની ઓનલાઈન એન્ટ્રી સત્વરે *Dso-sycd-ptn@gujarat.gov.in* /dsopatan30@gmail.com ઉપર મોકલી આપી નીચે મુજબના વિગતવાર કાર્યક્રમની જાણ ભાગ લેનાર ખેલાડી-કોચ/મેનેજરશ્રીને કરવાની રહેશે

## રાજ્યકક્ષા કુસ્તી અં.૧૪ (ભાઈઓ/બહેનો) સ્પર્ધા કાર્યક્રમ

| ક્રમ | વયજુથ | રીપોટીંગ તારીખ અને સમય | વજન સમય | સ્પર્ધા શરૂ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૧ | અં.૧૪ ભાઈઓ (જિલ્લાકક્ષાએ વિજેતા થયેલ પ્રથમ અને દ્રિતીય નંબર ) | તા.૦૬/૦૧/૨૦૨૬ સાંજે : ૦૪:૦૦ કલાકે | તા.૦૬/૦૧/૨૦૨૬ સાંજે : ૦૬:૦૦ થી ૦૮:૦૦ કલાકે | તા.૦૭/૦૧/૨૦૨૬ સવારે ૦૭:૩૦ કલાકે |
| ૨ | અં.૧૪ ભાઈઓ (સીધી રાજ્યકક્ષા સ્પર્ધા ) | તા.૦૭/૦૧/૨૦૨૬ સવારે : ૦૮:૦૦ કલાકે | તા.૦૭/૦૧/૨૦૨૬ સવારે : ૦૯:૦૦ થી ૧૦:૦૦ કલાકે | તા. ૦૭/૦૧/૨૦૨૬ સવારે ૧૧:૩૦ કલાકે |
| ૩ | અં.૧૪ બહેનો (જિલ્લાકક્ષાએ વિજેતા થયેલ પ્રથમ અને દ્રિતીય નંબર ) | તા.૦૭/૦૧/૨૦૨૬ સાંજે : ૦૪:૦૦ કલાકે | તા.૦૭/૦૧/૨૦૨૬ સાંજે : ૦૬:૦૦ થી ૦૮:૦૦ કલાકે | તા.૦૮/૦૧/૨૦૨૬ સવારે ૦૭:૩૦ કલાકે |
| ૪ | અં.૧૪ બહેનો (સીધી રાજ્યકક્ષા સ્પર્ધા ) | તા.૦૮/૦૧/૨૦૨૬ સવારે : ૦૮:૦૦ કલાકે | તા.૦૮/૦૧/૨૦૨૬ સવારે : ૦૯:૦૦ થી ૧૦:૦૦ કલાકે | તા.૦૮/૦૧/૨૦૨૬ સવારે ૧૧:૩૦ કલાકે |

- **રીપોટીંગ/સ્પર્ધા સ્થળ** :- સરદાર પટેલ રમત સંકુલ,અનાવાડા દરવાજા પાસે, પાટણ
- **સંપર્ક નંબર** :- કિરીટભાઈ એમ. પટેલ મો.નં- ૯૪૨૮૮ ૫૦૦૬૭
  દિક્ષિતભાઈ એ.ઝાલા મો.નં- ૯૩૧૬૫ ૧૪૫૪૦

**સુચના**

1. તમામ ખેલાડીઓએ ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષા માન્ય એલીજીબીલીટી ફોર્મ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી-સિકકા સાથેનું લાવવાનું રહેશે. રીપોર્ટીંગ સમયે રજુ કરવાનું રહેશે.
2. જિલ્લાકક્ષાએથી રાજ્યકક્ષામાં ભાગ લેનાર વિજેતા ખેલાડીઓની એન્ટ્રી ઓનલાઈન મોકલી આપવાની રહેશે.જિલ્લાકક્ષાએ જે ખેલાડી પ્રથમ અને દ્રિતીય ક્રમાંકે જે વજનગ્રુપમાં વિજેતા થયેલ છે તે જ વજનગ્રુપમાં ભાગ લેવાનો રહેશે.(ખેલાડીનું વજન ફેરબદલ થઈ શકશે નહિ.)
3. જિલ્લાકક્ષાએ પાંચ વજન કેટેગરીમાં વિજેતા થયેલ ખેલાડીઓમાંથી પ્રથમ અને દ્રિતીય નંબરના ખેલાડીઓ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
4. સીધી રાજ્યકક્ષાના વજન કેટેગરીમાં ભાગ લેવા આવતા તમામ ખેલાડીઓએ ઉપર દર્શાવેલ વિગત મુજબ રીપોર્ટીંગ કરવાનું રહેશે.
5. ઓનલાઈન KMK ID નંબરવાળા ખેલાડીઓ જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
6. ખેલાડીઓએ એલીજીબીલીટી સાથે આધારકાર્ડની નકલ રજુ કરવાની રહેશે.
7. ભાગ લેનાર ખેલાડીઓએ સાથે ઓરીજીનલ આધારકાર્ડ, બોનોફાઈડ સર્ટિફિકેટ સાથે લાવવાના રહેશે.
8. ખેલાડીઓને સ્પર્ધામાં લઈ જતા પહેલા વાલીનું સંમતિ પત્રક અવશ્ય મેનેજરશ્રીએ લેવાનું રહેશે.
9. સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે /ભોજન સમયે ખેલાડીઓએ શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.
10. સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે કોઈપણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પુરેપુરી રકમ જે-તે ખેલાડી/મેનેજરે ભરપાઈ કરવાની રહેશે.
11. નિવાસ સ્થળે નિયત કરેલ ડીપોઝીટ જમા કરવાની રહેશે. સ્પર્ધા પૂર્ણ થયે જરૂરી ચીજવસ્તુ જમા કરાવ્યા બાદ ડીપોઝીટ પરત આપવામાં આવશે.
12. પ્રવાસ ખર્ચ ટુંકામાં ટુંકા અંતરનુ ભાગ પાડયા વગરનું સીધા રૂટનું અને સાદી બસ/એકસપ્રેસ/રેલ્વે બીજા વર્ગનુ ભાડું ચુકવવામાં આવશે.
13. તમામ સ્પર્ધામાં આવનાર તમામ ખેલાડીઓએ સાદી બસ/એકસપ્રેસ બસ/રેલ્વેમાં જ મુસાફરી કરવાની રહેશે.
14. મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા કરીને આવવાનુ રહેશે.. પ્રવાસ ખર્ચના નાણા મેનેજરશ્રીના બેન્ક ખાતામાં R.T.G.S. દ્વારા ચૂકવવામાં આવશે જેથી બેન્ક ખાતાની વિગત સાથે લઈને આવવાની રહેશે.
15. ખેલાડીઓએ સ્પર્ધા અનુરૂપ ગણવેશ/કીટ સાથે લઈને આવવાનું રહેશે.
16. પરિપત્રની એક નકલ ટીમ મેનેજરશ્રીને અચુક પણે આપવાની રહેશે તથા KMK ID ની વિગત સાથેની એન્ટ્રીની ઓરીજીનલ નકલ પણ સાથે લાવવાની રહેશે.
17. કોઈપણ ખેલાડી સામે પ્રોટેસ્ટ લેવામાં આવે તો સમય મર્યાદામાં આધાર પુરાવા રજુ કરવાના રહેશે. અને જો આધાર પુરાવા રજુ નહી કરી શકે તો ખેલાડીને ડીસકવોલીફાઈડ કરવામાં આવશે
18. જે તારીખે જે વયગૃપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે. અન્યથા નિવાસ/ભોજનની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
19. સ્પર્ધા પૂર્ણ થયેથી નિવાસ સ્થળ છોડવાનું રહેશે જેથી અન્ય એજગ્રુપના ખેલાડીઓને નિવાસ આપી શકાય.
20. જીલ્લાની ટીમ સાથે એક મેનેજર અને એક કોચશ્રીને મોકલવાના રહેશે.
21. જિલ્લામાંથી આવતા તમામ ખેલાડીઓ,કોચશ્રી અને ટીમ મેનેજરશ્રી સિવાય અન્ય કોઈપણ બિનઅધિકૃત વ્યક્તિને સાથે લાવવાનો રહેશે નહિ.

જિલ્લા રમત વિકાસ અધિકારી
પાટણ

જિલ્લા રમત ગમત અધિકારી
પાટણ

**નકલ સવિનય સાદર રવાના:**

૧ માન. અગ્રસચિવશ્રી, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર

૨ માન. ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

૩ માન. કલેકટરશ્રી, કલેકટર કચેરી, પાટણ

E:**પ્રોજેક્ટ ફાઈલ** ૨૦૨૫-૨૬**KMK 2025**\kmk ૨૦૨૫ **રાજ્યકક્ષા**\રાજ્યકક્ષા કુસ્તી અં.૧૪ ભાઈઓ બહેનો સ્પર્ધા\પરીપત્ર\kmk ૨૦૨૫ રાજ્યકક્ષા કુસ્તી અ.૧૪ ભાઈઓ બહેનો'.docx

૪ માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પાટણ

૫ માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, પાટણ

૬ માન. સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

૭ માન. મુખ્ય કોચશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

૮ માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પાટણ

૯ માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પાટણ

૧૦ માન. નાયબ માહિતી નિયામકશ્રી, સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.

૧૧ માન. પ્રમુખ/મંત્રીશ્રી, ગુજરાત રાજય કુસ્તી એશોસીયેશન.

૧૨ માન. હેડ કોચશ્રી રાજ્યકક્ષા કુસ્તી ભાઈઓ/બહેનો સ્પર્ધા.

૧૩ માન.નોડલ ઓફિસરશ્રી,રાજ્યકક્ષા કુસ્તી ભાઈઓ/બહેનો સ્પર્ધા.

૧૪ માન. પ્રમુખશ્રી/મંત્રીશ્રી, જિલ્લા વ્યાયામ મંડળ, પાટણ